# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC "A" (3.02) State University

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ–૩૮૪૨૬૫ (ઉ.ગુ.)

ફોન : (૦૨૭૬૬) ૨૨૦૯૩૨, ૨૩૭૦૦૦ ફેકસ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in


**પરિપત્ર ક્રમાંક : ૧૭ / ૨૦૧૯**

**વિષય : એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન અંગે.**

આ યુનિવર્સિટી સંલગ્ન તમામ વિદ્યાશાખાની કોલેજોના આચાર્યશ્રીઓને તથા યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગો / કોલેજોના અધ્યક્ષશ્રીઓ / કો–ઓર્ડિનેટરશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટીની કારોબારી સમિતિની તારીખ : ૨૦/૦૮/૨૦૧૫ ની સભાના ઠરાવ નં.– ૬૪ થી ઠરાવ્યાનુસાર અત્રેના તારીખ : ૧૯/૦૯/૨૦૧૫ ના પરિપત્ર નં.– ૧૩૩/૨૦૧૫ થી સ્નાતક કક્ષાએ અભ્યાસક્રમમાં સેમ–૧ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીનું એનરોલમેન્ટ થયા પછી ૬ (છ) વર્ષ સુધીમાં પદવી મેળવવામાં ન આવે તથા અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં સેમ–૧ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન થયા પછી ૪ (ચાર) વર્ષ સુધીમાં પદવી મેળવવામાં ન આવે તો તેવા વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન રદ થઈ જશે. એમ જણાવવામાં આવેલ હતું.

ઉપરોક્ત બાબતે એકેડેમિક કાઉન્સિલની તારીખ : ૧૫/૦૨/૨૦૧૯ ની સભાએ ઠરાવ નં.– ૬ થી પુનઃ વિચારણા કરી કરેલ ભલામણ કારોબારી સમિતિએ તારીખ : ૩૦/૦૪/૨૦૧૯ ના ઠરાવ નં.– ૧૫૪ થી નીચેનો ઠરાવ મંજૂર કરેલ છે.

**"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સ્નાતક કક્ષાએ તથા અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ મેળવ્યા બાદ પદવીનો અભ્યાસ પુરો કરવાની મહત્તમ અવધિ અંગેનો યુનિવર્સિટીનો તારીખ :૧૯/૦૯/૨૦૧૫ નો પરિપત્ર નં.૧૩૩/૨૦૧૫, તારીખ :૧૯/૦૯/૨૦૧૫ શૈક્ષણિક વર્ષ : ૨૦૧૫–૧૬ થી વિદ્યાર્થીઓને જ લાગુ પાડવો તથા CBCS સીસ્ટમ દાખલ કર્યા બાદ અને શૈક્ષણિક વર્ષ : ૨૦૧૫–૧૬ પહેલાં પ્રવેશ મેળવનાર સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ મેળવી પદવીનો અભ્યાસ પૂરો ન કરી શકનાર વિદ્યાર્થીઓને હાલમાં અમલી અભ્યાસક્રમમાં જ પ્રવેશ મેળવવાનો કે પરીક્ષામાં બેસવાની વિદ્યાર્થી હિતમાં ખાસ કિસ્સા તરીકે વધુ એક તક આપવી. જેની સમયમર્યાદા વધુમાં વધુ એક વર્ષની રહેશે. ત્યારબાદ કોઈપણ સંજોગોમાં આવી તક આપી શકાશે નહીં."**

વધુમાં ઉપરોકત ખાસ પરીક્ષાઓ માટેનું પરીક્ષા કેન્દ્ર માત્ર યુનિવર્સિટીનું વડુ મથક પાટણ જ રહેશે.

ઉપરોકત બાબતની વિદ્યાર્થીઓ તથા સબંધિતોને આપના સ્તરેથી જાણ કરવા તથા આ બાબતની બહોળી પ્રસિધ્ધિ માટે આ પરિપત્રની નકલ કોલેજ / વિભાગના નોટીસ બોર્ડ તથા ગ્રંથાલયમાં મૂકવા વિનંતી છે.

(સહી)

કા.કુલસચિવ

નં.– એકે/પ્રવેશ/ ૧૦૩૭ /૨૦૧૯

તારીખ :૨૦ /૦૫/૨૦૧૯

પ્રતિ

૧. યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ
૨. યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોના / કોલેજના અધ્યક્ષશ્રીઓ / કો–ઓર્ડિનેટરશ્રીઓ
૩. પરીક્ષા નિયામકશ્રી, હેમ. ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ

**નકલ સાદર રવાના જાણ સારૂ :**

- માન.કુલપતિશ્રી / કુલસચિવશ્રીનું કાર્યાલય, હેમ. ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ
- યુનિવર્સિટીની તમામ વહીવટી શાખાઓના વડાશ્રીઓ
- અનુસ્નાતક (એકે) પ્રશાખા, હેમ. ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ
- યુનિવર્સિટીની કેન્દ્રીય પ્રવેશ સમિતિના અધ્યક્ષશ્રી
- ગ્રંથપાલશ્રી, યુનિવર્સિટી ગ્રંથાલય, હેમ. ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ (ઉદીચ્યમાં પ્રસિધ્ધિ સારૂ)
- સીસ્ટમ એનાલીસ્ટશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, (યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર મૂકવા સારૂ)
- યુનિવર્સિટીની પૂછપરછ બારી ઉપર, હેમ. ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ
- મહેકમ શાખા, હેમ. ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ પરિપત્રની ફાઈલ અર્થે
- સંબંધિત ફાઈલે